# ધન ધન ધનબાઈ!

“જેનો અવાજ મીઠો હોય એ પ્રાર્થના ગાય."

ગાંધીજીએ આમ કહેલું. ૧૯૨૨ની આજુબાજુની કોઈ સાલ હશે. ગાંધીજી આમ બોલ્યા એટલે એક ભાઈ ઊભા થયા. સૌને એમ કે એ પોતાની જાતને તાનસેન માનતા હશે. હમણાં કંઈક “ઊંડા અંધારેથી...” જેવું ગાશે. પણ ભાઈ માત્ર આંગળીના ચીંધનાર નીકળ્યા. ખૂણામાં માનમર્યાદાભેર સાડીનો સંગઠો તાણીને એક નવવધૂ બેઠેલી એના તરફ આંગળી ચીંધી બોલ્યા : “બાપુજી, આપની પૂછવાની રીત જ ખોટી છે. કોઈ જાતે ઊઠીને કહેવાનું છે કે મારો રાગ મીઠો, ને હું જ ગાઉં? લો, આ બહેન બેઠી ને નામ એનું ધનબાઈ. એના જેવું સુંદર કોઈ ગાઈ શકવાનું નથી.”

ગાંધીજીએ ધનબાઈ સામે જોયું, ને ધનબાઈ શરમાઈને નીચું જોઈ ગયાં. ગાંધીજી કહે : “બહેન, તમને અમારી પ્રાર્થના છે કે તમે પ્રાર્થના ગાઓ. ચાલો....”

ઊભાં થઈને તેઓ ગાંધીજીની નજીક એમની બેઠક પાસે આવ્યાં અને ધીમા, મધુર હલકભર્યા સ્વરે ભજન શરૂ કર્યું : “મારી નાવ તમારે હાથ હરિ સંભાળજો રે.... સત્યાસત્ય નથી સમજાતું, દુઃખ સદૈવ રહે ઊભરાતું...."

ગાંધીજી એકકાન થઈને ભજન સાંભળી રહ્યા અને ધનબાઈના મુખભાવને અવલોકી રહ્યા. “સત્યાસત્ય નથી સમજાતું, દુઃખ સદૈવ

રહે ઊભરાતું" ગાતી વખતે શબ્દો માત્ર સંગીતમાં જ નહીં, પણ વેદનામાં વ્યક્ત થઈને એમના મોં પર છવાઈ જતા હતા. ભજન, પ્રાર્થના, ગીત બધાં આ જ તદ્રૂપતાથી ગાવા માટે રચનારે રચ્યાં હોય છે, કારણ કે લખતી વખતે એ એનામાં એકલીન થઈ ગયો હોય છે. પછી ગાનાર માત્ર આવડત બતાવવાના હેતુથી જ ગાય એટલે શબ્દોનો ચાર્મ ગૌણ બની જાય. પછી સાંભળનાર પાસે માત્ર ગાનારની ગાયનકલા પહોંચે, કવિનું કર્મ ન પહોંચે. આ ધનબાઈ જાણે કે પોતે જ એ ગીત રચ્યું હોય, પોતે જ પોતાને માટે, પોતાની પીડાને વ્યક્ત કરવા જ એનો ઢાળ બેસાડ્યો હોય એમ ગાતી હતી. ગાંધીજી ભીંજાઈ ગયા. ભજન પૂરું થયું, એટલે બોલ્યા : "રોજેરોજ ગાવા આવતાં રહેજો બહેન, પ્રભુ તમારું ભજન સાંભળે છે."

પણ બીજે દિવસે ધનબાઈ આવ્યાં નહીં. ત્રીજે દિવસે પણ નહીં. આમ ને આમ ચાર-છ દિવસનો ખાડો પડ્યો, એટલે ગાંધીજીએ પેલા જાણકાર ભાઈ પાસેથી ધનબાઈનું સરનામું મેળવ્યું. હુબલી ગામમાં જ ધનલક્ષ્મીબહેન એમને સાસરે બહોળા કુટુંબ વચ્ચે રહેતાં હતાં. ચિઠ્ઠી ત્યાં પહોંચી : "બહેન, અમે સૌ તારા કંઠે ભજન સાંભળવાને સારુ રોજ તારી રાહ જોઈએ છીએ. આવી જા. લિ. બાપુ." આ ચિઠ્ઠી ત્યાં પહોંચી તે જાણે કોઈ પરપુરુષની ચિઠ્ઠી યારી માટે આવી હોય એમ ઘરમાં ઉલ્કાપાત થઈ ગયો. ગાંધીજીને સૌ ઓળખે ને ઘરનાં સૌ એમની સભામાં પણ જાય. પણ એ આમ ઘરની વહુને બોલાવતી ચિઠ્ઠી લખે! અને નાની વહુથી ઘરમાં પણ સાદ કાઢીને બોલાય નહીં, ત્યાં વળી ભરસભામાં રાગડા તાણીને ગવાય? ઘોર કળજુગ! ઘરમાં મહાભારત થઈ ગયું! ને પતિ હીરજીભાઈએ તો મારવા જ લીધી! આમ છતાં એક દિવસ કંઈક ઓઠું લઈને ધનબાઈ ગાંધીજી પાસે પહોંચ્યાં. સભામાં અધવચ્ચે જઈને બેઠાં, ને સભા પૂરી થયે ભજન પણ ગાઈ દીધું, પણ છેલ્લી લીટી વખતે સ્વર લથડી ગયો અને છુટ્ટા મોંએ રડી પડ્યાં. સભામાં સન્નાટો છવાઈ ગયો. સૌ વિખેરાયા ત્યારે ગાંધીજીએ ધનબાઈને નજીક બોલાવી પૂછ્યું :

"તું કોણ છો, બહેન? આમ રડી કેમ પડી? શું દુઃખ છે તારે?"

"અહીં હુબલી મારું સાસરું છે, બાપુ." ધનબાઈ બોલ્યાંઃ "ને જલગાંવમાં સને ઓગણીસો ને આઠમાં જન્મી છું. મારા બાપ ટોકરશી લાલજી કપાસના મોટા વેપારી છે. મારી મા મારી નાની ઉંમરમાં ગુજરી ગઈ છે અને અત્યારે મને પંદરમું ચાલે છે."

"આટલી નાની ઉંમરમાં તારાં લગ્ન થઈ ગયાં?"

"હા", એ બોલ્યાંઃ "એનો વાંધો નથી. પણ...." એ અધૂરા વાક્યમાં એનો આખો પીડાકાંડ હતો. કેટલોક કહેવાય એવો, કેટલોક ના કહેવાય એવો. કથળેલી આર્થિક સ્થિતિના બાપે કરિયાવરમાં તો કંઈ કહેવાપણું રાખ્યું નહોતું, પણ એની કઠણાઈને એ નિવારી શક્યા નહીં. પરણીને સાસરે આવ્યાં એ જ રાતે એમણે ભયનાં માર્યાં નણંદને સાંજથી જ સાથે સુવાડી રાખી હતી, પણ એ ઉપલા માળના જૂના પલંગમાંથી એ પછી મધરાતે નણંદ વિદાય થઈ ગઈ અને ભડોભડ બારણાં ભીડતાં પતિદેવ અંદર પધાર્યા હતા! ચૌદ વરસની ધનબાઈના શરીરમાં ગભરાટની ધ્રુજારી ફરી વળી. એની કન્યાવિદાયના પ્રસંગે એના પિતા બેભાન થઈ ગયા હતા એ યાદ આવી ગયું અને એ ખુદ બેભાન થઈ જશે એમ એને લાગ્યું. પણ વંટોળની જેમ ધસી આવનાર પતિને એના મનને ખોલવાની કોઈ જ જરૂર નહોતી લાગી. ધનબાઈ એને મન રાતના રમકડાથી વિશેષ કશું જ નહોતી. એ આવીને સીધી જ ઝાપટ મારવા ગયા, ત્યાં ધનબાઈ સડાક કરતાં ઊભાં થઈ ગયાં ને બારણા તરફ દોટ મૂકી. પતિનો મિજાજ સાતમા આસમાને પહોંચી ગયો. "તારી આ હિંમત?" એમણે કહ્યું ને હાથ પકડીને પાછી ઘસડીને પત્નીને પલંગમાં ગાદલાનો ઘા કરે એમ ઘા કરીને ફેંકી. વળી બરાડીને બોલ્યા : "આમ ભાગાભાગી કરતાં શરમ નથી આવતી? બેશરમ."

આ પછી જે થયું તેને મધુરજની કેવી રીતે કહેવાય?

આવી તો ત્રણ રાત્રિઓ આવી અને ગઈ. ચોથે દિવસે મુંબઈથી

કશો તાર આવ્યો અને પતિને મુંબઈ ચાલ્યા જવું પડ્યું. એમની વિદાયથી ધનબાઈના મનમાં એવી ટાઢક થઈ. ધગધગતા કાળા ઉનાળામાં જાણે કે કોઈ લૂહારની ભઠ્ઠી પાસેથી ઊભું થયું.

હા, એક ટાઢક એવી હતી. ધગધગતો ઉનાળો તો રહ્યો જ હતો. માત્ર નજીકથી ભઠ્ઠી દૂર થઈ હતી, જે પળે પળે ચામડી દઝાડતી હતી. એમાં વળી શીતળ પવનની એક લહેરખી પણ આવી. ધનબાઈના પિતા એક-બે દિવસમાં આવ્યા અને કોઈનાં લગ્નમાં જવાનું હતું એટલે તેડી ગયા.

ગાંધીજી આટલી વાત સાંભળી રહ્યા. પછી એમની અંદર કરુણાની જે લાગણી ઊભરાઈ ગઈ હતી તેની પર લગીર અંકુશ મૂકી દીધો. જરા ધનબાઈને હળવી માનસિકતામાં લાવવા ખાતર બોલ્યા : “ત્યારે તો એટલા દિવસથી તારે સાસરવાસમાંથી પણ મુક્તિ ખરું ?’

પણ એનાથી તો ઊલટાનું ધનબાઈની આંખો આંસુથી ઊભરાઈ ચાલી. એમણે ગાંધીજીને સામે પૂછ્યું : “સાંભળવું છે તમારે ?”

“બોલ, બહેન, બોલ.” ગાંધીજી બોલ્યા : “બોલ.”

“હું જ્યાં મારા પિતા સાથે લગ્નપ્રસંગે ગઈ હતી ત્યાં સ્ત્રી અને પુરુષોના મોટા મોટા અલગ અલગ ઓરડામાં ઉતારાઓ હતા. એ પ્રસંગમાં મારા પતિને પણ આમંત્રણ હતું. હું જે સવારે ગઈ તે જ સવારે મેં એમને પણ જોયા હતા. હું થડકી ગઈ, પણ અંદરથી શાંતિ હતી કે ખેર, આ તો કોઈકને ત્યાં લગ્નપ્રસંગ છે. શું કરી લેવાના છે મને એ? પણ રાત પડી. મધરાત થઈ. સૌ ઘસઘસાટ સૂઈ ગયા અને હું બીજી સ્ત્રીઓ સાથે અલગ બિછાનામાં સૂતી હતી ત્યાં ચોરપગલે એ આવ્યા અને પગનો અંગૂઠો પકડીને મને જગાડી અને પછી શિયાળો હતો. સૌ ઓઢીને સૂતાં હતાં એટલે કોઈની પરવા કર્યા વગર સાવ પશુની જેમ જ..."

“તને બોલતાં પણ શરમ થઈ”, ગાંધીજી બોલ્યાઃ “ને એને આચરતાં પણ ન થઈ. ખેર, બહેન” ગાંધીજીની આંખમાં આંસુનાં

બિંદુ બાઝી ગયાં, કહ્યું: “હું આમાં તને મદદ કરું? પશુના પાશમાંથી છોડાવું?”

“ના.” ધનબાઈ બોલ્યાં: “જેને પરણી છું એ પરમેશ્વર હોય કે પશુ, એમાંથી છૂટવાનો મારો કોઈ ઇરાદો નથી. તમે મને એટલી મદદ કરો કે...”

ગાંધીજી એની સામે જોઈ રહ્યા.

“કે મને શીખવો,” ધનબાઈએ કહ્યું: “દુઃખને સહન કેમ કરવું? જેમાંથી ઉગાર ન હોય તેને વેઠી લેવાનો ઉપાય શો? મનને એટલે ઊંચે કેવી રીતે લઈ જવું કે નીચે પેટાવેલા અગ્નિની આંચ પણ આપણને ન લાગે? મને એ શીખવો કે અંધારામાં કાંડી ન હોય તો પણ રસ્તો કેવી રીતે ફંફોસવો?”

ગાંધીજીએ આંખો મીંચી દીધી. નિઃશ્વાસ નાખીને બોલ્યા :

“રામનામ... રામનામ... રામનામ... બીજું કંઈ નહીં, મારી બહેન.”

“પણ રામનામ ક્યાંથી પ્રગટે, બાપુ?” ધનબાઈ બોલ્યાં: “અંદર જ જ્યાં આગ સળગતી હોય અને લાવા ઊકળતો હોય, જ્યાં અંદર હાયકારો થઈ ગયો હોય, ત્યાં હરિનામ ક્યાંથી પ્રગટે?"

“એ પ્રગટે શ્રદ્ધાથી.” ગાંધીજી બોલ્યા : "ને શ્રદ્ધા ક્યાંથી પ્રગટે એ પૂછીશ નહીં. શ્રદ્ધા હોય તો જ બાળક પૃથ્વી પર અવતરે છે. એ શ્રદ્ધા નામનું તત્ત્વ લઈને જ જન્મતાવેંત રડે છે, કે એની મા એનું રુદન સાંભળશે ને મોઢામાં દૂધની સેર છોડશે.”

એ દિવસ પછી ગાંધીજી અને ધનબાઈનો સંગ વધુ વખત રહ્યો નહીં. ગાંધીજી તો રમતા જોગી હતા. હુબલીમાંથી એમનો મુકામ ઊઠી ગયો, ને ધનલક્ષ્મી જિંદગીમાં નવા નવા વણજોયા મુકામ તરફ ચાલ્યાં.

•